**યોજનાઓના લાભ મળે ત્યાં સુધી**

# ગામમાં ચૂંટણી પ્રચાર કરવા આવવું નહીં

**ચીખલીના** પીપલગભણ ગામમાં તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણી જાહેર થાય તે પૂર્વે જ બેનર લાગતા વાતાવરણ ગરમાયું

**પીવાના** પાણી સહિતની સમસ્યાના નિરાકરણની માંગ સાથે બેનર લાગ્યા




ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી તાલુકાના પીપલગભણ ગામમાં તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણી જાહેર થાય તે પૂર્વે જ પીવાના પાણી સહિતની વિવિધ સમસ્યાના નિરાકરણની માંગ સાથે ચૂંટણી બહિષ્કારના બેનર લાગતા વાતાવરણ ગરમાવા પામ્યું છે. વિવિધ યોજનાઓના લાભો મળે ત્યાં સુધી ચૂંટણી પ્રચાર કરવા આવવું નહીં.

તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણીના ભણકારા વાગી રહ્યા છે. અને રાજકીય પક્ષો દ્વારા તે માટે કવાયત પણ હાથ ધરવામાં આવી છે. ત્યારે આ ચૂંટણી જાહેર થાય તે પૂર્વે જ પીપલગભણ ગામમાં ઈંગારી ખાડી, મહાદેવજી મંદિર દેસાઈવાડ, ખેરગામ રોડ સ્થિત ઠેર ઠેર ચૂંટણી બહિષ્કારના બોર્ડ લગાવવામાં આવ્યા છે.

આ બેનરમાં જણાવાયું છે કે જુદી જુદી યોજનાઓના લાભો મળે ત્યાં સુધી ચૂંટણી પ્રચાર કરવા આવવું નહીં. જેમાં ગામમાં દસ ટાંકીઓમાંથી પાંચ ટાંકીઓમાં આજદિન સુધી નળ દ્વારા પાણી મળેલું નથી, મીની ટાંકીએ વડ ફળીયામાં ગણપત મહોલ્લામાં અને ગોડાઉન ફળીયામાં સરપંચને, પાણી પુરવઠાને રજુઆત કરવા છતાં રીપેર કરવામાં આવેલી નથી, બે વર્ષથી વધુ સમય થઇ ગયા બાદ પણ પાણી મળતું નથી, નલ સે જલ યોજનામાં વ્યવસ્થિત કામ થયેલા ન હોય મોટી કોળીવાડ ગુજરાતી સ્કૂલ અને આજુબાજુના ઘરોમાં પાણી મળતું નથી.

### આટલા કામો નહીં થતા બેનર લાગ્યા

આ ઉપરાંત ૨૦૧૪ માં એસબીએમમાં શૌચાલયના ઓનલાઇન ફોર્મ ભરવામાં આવેલા ૧૬૬ લાભાર્થીઓના પૈસા આજદિન સુધી ખાતામાં જમા થયેલા નથી, માતૃવંદના યોજનામાં વર્ષ ૨૦૨૦ માં આંગણવાડી બહેને ૬૩-ફોર્મ ભરેલા બતાવે છે. પણ લાભો મળેલા નથી, વર્ષ ૨૦૨૩ માં તાલુકા પંચાયતમાંથી ફળવાયેલી સ્ટ્રીટ લાઇટ આજદિન સુધી લગાવવામાં આવેલી નથી, વર્ષ ૨૦૧૮ થી આજદિન સુધી કેટલા આવાસ માટે કેટલા લાભાર્થીઓને મંજૂરી મળી અને કેટલા બનાવેલા છે. તેની માહિતી આપવા, વડ ફળીયામાં મહેશભાઇના ઘર પાસે બોક્ષનું ખાતમુહૂર્ત કરેલું છે. પરંતુ આજદિન સુધી બનાવેલો નથી, મોટી કોળીવાડ જેરામ ફળીયા ઈંગારી સુધી તેમજ દેસાઇવાડ લિંક રોડ બનાવવાની માંગ કરવામાં આવી છે.

### બેનર કોના દ્વારા લગાવાયા છે તે હકીકત બહાર આવી નથી

પીપલગભણ ગામમાં ચૂંટણી બહિષ્કારના બેનર લગાવાયા છે તે ચોક્કસ કોના દ્વારા લગાવાયા છે તે હકીકત બહાર આવી નથી. પરંતુ પાણી પુરવઠા, શૌચાલય, આવાસ, માતૃવંદના યોજના સહિતના જે પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા છે. તે અંગે તંત્ર દ્વારા જરૂરી તપાસ કરી નિરાકરણ લાવવામાં આવશે કે કેમ તે જોવું રહ્યું.

## રૂમલા બરડીપાડાથી દારૂના જથ્થા સાથે ત્રણની ધરપકડ

ઘેજ : ચીખલી પોલીસ મથકના પીઆઇ-ડી.એસ.કોરાટ, હે.કો મહેન્દ્ર નેભાભાઇ, વિજય દેવાયતભાઇ, પો.કો કલ્પેશ સાતાભાઇ, ગણપત ઇશ્વરભાઇ, જયપાલસિંહ બળદેવસિંહ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમ્યાન બાતમી મળી હતી કે વાપીથી ટ્રક નં જીજે-૧૫-એક્સએક્સ-૭૦૫૦ માં ઈંટની નીચે વિદેશી દારૂ સંતાળી રાનકુવા ખાતે લઈ જવાનો હોય ચીખલી પોલીસે પાણીખડકથી ખુડવેલ જતા માર્ગ ઉપર વોચ ગોઠવી હતી. દરમ્યાન ટ્રક આવતા જેને રોકી તલાસી લેતા વિદેશી દારૂ, વોડકા, ટીન-બિયરની નાની મોટી બોટલ નંગ-૫૨૦૮ સહિત કુલ ૨૯,૮૧,૮૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી સંજય તલ્હા (રહે. મહારાષ્ટ્ર), પ્રવિણ દેવજી વડ (ઉ.૨૫, રહે. અસ્ટોલ ગામ જામનપાડા), મુકેશ રામજી વણઝાર (ઉ. ૩૦ રહે. ઉમરી ગામ તા.કપરાડા)ની ધરપકડ કરી હતી. જ્યારે ટ્રકમાં દારૂનો જથ્થો ભરાવી આપનાર હિંમત જસમતભાઇ કુંભાર (રહે.ચણોદ) તથા હિંમત કુંભારને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ પીઆઇ ડી.એસ.કોરાટ કરી રહ્યા છે.

## નવસારીમાં પેટ્રોલ પંપ પર બીજા દિવસે પણ લાંબી લાઈન




નવસારી : સરકાર દ્વારા પેટ્રોલની કોઈ અછત નથી અને અફવાઓથી દૂર રહેવા અપીલ કરવામાં આવી હોવા છતાં લોકોમાં વિશ્વાસનો અભાવ સ્પષ્ટ રીતે સામે આવી રહ્યો છે. મંત્રીઓના આશ્વાસન બાદ પણ જમીન પરની સ્થિતિ ચિંતાજનક જ રહી છે. મંગળવારે સવારે શહેરના વિવિધ પેટ્રોલ પંપ પર ફરી મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. વહેલી સવારથી જ વાહનચાલકો પેટ્રોલ ભરાવવા લાઇનમાં ઉભા રહી ગયા હતા, જેના કારણે અનેક સ્થળોએ ટ્રાફિક જેવી સ્થિતિ સર્જાઇ હતી. લોકોમાં ભય અને અનિશ્ચિતતા એટલી વધી ગઈ છે કે પુરવઠો પૂરતો હોવાના દાવા છતાં લોકો પહેલેથી જ સાવચેતી તરીકે પેટ્રોલ ભરાવી રહ્યા છે. આ પરિસ્થિતિએ સરકારના દાવાઓ અને વાસ્તવિક સ્થિતિ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કર્યો છે. હવે તંત્ર માટે સૌથી મોટો પડકાર માત્ર નિવેદન આપવાનો નહીં પરંતુ જનતામાં વિશ્વાસ પુન:સ્થાપિત કરવાનો બની ગયો છે.

# ગેસ એજન્સીએ શટર ડાઉન કરતાં ગ્રાહકોમાં આક્રોશ

**નવસારીનાં** તરોટા બજારમાં લાઇન લાગતા પોલીસ દોડી આવી

**ઓનલાઈન** બુકિંગ છતાં ઘરે સિલિન્ડર ન મળતા લોકો એજન્સી સુધી પહોંચ્યા



નવસારી : નવસારી શહેરમાં ગેસ સિલિન્ડર વિતરણને લઈને ગેરવ્યવસ્થાનો વિસ્ફોટ થયો છે. તંત્ર ભલે અછત ન હોવાનો દાવો કરે, પરંતુ જમીન પર ગ્રાહકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. તરોટા બજાર વિસ્તારમાં આવેલી એક ગેસ એજન્સી પર સવારે જ લાંબી લાઇનો લાગી ગઈ હતી.

ઓનલાઇન બુકિંગ છતાં ઘરે સિલિન્ડર ન મળતા લોકો જાતે એજન્સી સુધી પહોંચ્યા, પરંતુ વધતી ભીડ વચ્ચે સંચાલકો માટે પરિસ્થિતિ સંભાળવી મુશ્કેલ બની. તંગદિલી વધતા એજન્સીએ બપોર બાદ અચાનક શટર બંધ કરી દીધું, જેને કારણે લોકોમાં રોષ ફાટી નીકળ્યો હતો. સ્થિતિ બેકાબૂ બનતા પોલીસે સ્થળ પર પહોંચી બંદોબસ્ત ગોઠવવો પડ્યો હતો. માહિતી મુજબ ઘણા ગ્રાહકોને લાઇનમાં ઊભા રહી રોકડ ચુકવણી કરીને સીધા ગોડાઉનમાંથી સિલિન્ડર લેવા મજબૂર થવું પડ્યું હતુ. આ સમગ્ર ઘટનાએ ગેસ સપ્લાય સિસ્ટમ પર સવાલો ઊભા કર્યા છે. "અછત નથી" એવા દાવા વચ્ચે ઉભી થયેલી આ પરિસ્થિતિએ તંત્રની કામગીરી સામે ગંભીર પ્રશ્નચિહ્ન ઊભું કર્યું છે.

# ધરમપુરી પ્રા. શાળામાં 8માં દિવસે પણ તાળાબંધી યથાવત

**રસ્તા** પર બાળકીનો અકસ્માત થતા ગ્રામજનોમાં રોષ

**શિક્ષકની** બદલીના વિવાદમાં બાળકોનું શિક્ષણ જોખમાયું



નિલેશ કાપડીયા

વાંસદા : વાંસદા તાલુકાની ધરમપુરી પ્રાથમિક શાળામાં છેલ્લા આઠ દિવસથી તાળાબંધીની સ્થિતિ સર્જાઇ છે. શાળાના શિક્ષક સંજય કુકણા સામે ફરજમાં બેદરકારી અને શિસ્તભંગના ગંભીર આક્ષેપો સાથે SMC (શાળા વ્યવસ્થાપન સમિતિ) અને વાલીઓ દ્વારા તેમની બદલીની માંગ કરવામાં આવી છે. ગત તા. 17/03/2026 થી શાળાને તાળા મારી દેવામાં આવ્યા હોવાથી નિર્દોષ બાળકો બાજુમાં આવેલી દૂધની ડેરીમાં બેસીને અભ્યાસ કરવા મજબૂર બન્યા છે.

તાળાબંધીના આઠમાં દિવસે, એટલે કે 24 માર્ચના રોજ, ધોરણ-1 માં અભ્યાસ કરતી એક માસૂમ બાળકી શાળા બહાર રસ્તા પર મોટરસાઈકલ સાથે અકસ્માતનો ભોગ બની હતી. સદનસીબે બાળકીનો આબાદ બચાવ થયો હતો, પરંતુ તેને હાથ અને પગના ભાગે ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાને પગલે ગ્રામજનોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે. વાલીઓ સવાલ ઉઠાવી રહ્યા છે કે, જો આ અકસ્માતમાં કોઈ મોટી જાનહાનિ થઈ હોત, તો તેનો જવાબદાર કોણ?

એપ્રિલ મહિનામાં વાર્ષિક પરીક્ષાઓ શરૂ થવાને હવે ગણતરીના દિવસો જ બાકી છે. આ સંજોગોમાં શાળા બંધ રહેતા બાળકોનો અભ્યાસક્રમ ખોરવાઈ રહ્યો છે અને તેમનું શૈક્ષણિક ભવિષ્ય જોખમમાં મુકાયું છે.

ગ્રામજનો અને વાલીઓની માંગ છે કે વહીવટી તંત્ર અંગત વિવાદો બાજુ પર મૂકી, બાળકોના હિતમાં વહેલી તકે આ સમસ્યાનું નિરાકરણ લાવે અને શાળાના દ્વાર પુન: ખોલવામાં આવે.

### શાળા બંધ રહેતા બાળકો રઝળી રહ્યા છે

શિક્ષણ વિભાગ શાળાને તાળા બંધી બાબતે વહેલી તકે યોગ્ય નિરાકરણ લાવે અને બાળકોનું ભવિષ્ય ન ભગડે એવી વાલીઓની માંગ ઉભી થઈ છે. શાળામાં તાળાબંધી રહેતા બાળકી શાળા બહાર હતી, ત્યારે અમારી દીકરી સાથે થયેલા અકસ્માતમાં જો કોઈ મોટો અણબનાવ થયો હોય તો જવાબદાર કોણ જેવા ઉગ્ર સવાલો સ્થાનિકોમાં ઉઠ્યા હતા.

# બ્રેઈનડેડના અંગદાનથી ચારને નવજીવન મળશે

**કૃણાલનું** બાઈક વીજળીના થાંભલા સાથે અથડાતા ગંભીર ઈજા થઈ હતી



વાંસદા : ઓર્ગન ડોનર સિટી તરીકે ઓળખ ધરાવતા સુરત શહેરમાં વધુ એક સફળ અંગદાન થયું છે. સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં વાંસદાના દુકાન ફળીયામાં રહેતા ૨૦ વર્ષીય બ્રેઈનડેડ કૃણાલભાઈના પરિવારજનોએ સ્વજનના અંગદાનનો નિર્ણય લઈને હદય, લીવર અને બે કિડનીનું દાન કરતા ચાર જરૂરિયાતમંદોને નવજીવન મળશે.

તા.૧૮મી માર્ચના રોજ કૃણાલનું ચિકટીયા ગામે વીજળીના થાંભલા સાથે બાઇક અથડાતા ગંભીર ઈજા થઇ હતી. જેને વલસાડની સિવિલ હોસ્પિટલમાં અને ત્યાંથી સુરત સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. જ્યાં સોમવારે ડૉ.ભરત ચાવડા, ડૉ.નિલેશ કાછડીયા, ડૉ.જય પટેલ, ન્યુરો સર્જન ડો.કેયુર પ્રજાપતિએ બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા. ત્યારબાદ આર.એમ.ઓ. ડો.કેતન નાયક, ડો.નિલેશ કાછડીયા, ગુજરાત નર્સિંગ કાઉન્સીલ ઉપાધ્યક્ષ ઈકબાલ કડીવાલાએ તેમના માતા-પિતા તથા પરીવારના સભ્યોને અંગદાનનું મહત્વ સમજાવતાં તેઓએ ભારે હૈયે સહમતિ આપી હતી. તેમના પિતા મહેન્દ્રભાઈ તથા માતા વિદ્યાબેને કહ્યું કે, અંગદાનથી કોઈનું જીવન બચાવી શકાતુ હોય તો અમારો કૃણાલ તેમના શરીરમાં જીવંત રહેશે. બ્રેઈનડેડ કૃણાલના હદયને યુ.એન.મહેતા હોસ્પિટલ અમદાવાદ તથા લિવર અને બંને કિડની આઈ.કે.ડી. હોસ્પિટલ અમદાવાદમાં લઈ જવામાં આવી હતી. નવી સિવિલના તબીબી અધિક્ષક ડો.ધારિત્રી પરમારના માર્ગદર્શન હેઠળ ડોક્ટરો, નર્સિંગ સ્ટાફ, સુરક્ષા કર્મચારીઓ તથા સ્વયંસેવકોએ આ અંગદાન પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

## ઉમરગામમાં સસ્તી સાઇકલ લેવા લોકોની પડાપડી



ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામમાં સસ્તી સાયકલ લેવા લોકોની પડાપડી થતા અને ભારે ભીડ અને ટ્રાફિક સર્જાતા પોલીસ દોડતી આવી હતી.

ઉમરગામ તાલુકામાં પણ રાંધણ ગેસ માટે ગૃહીણીઓ, શ્રમિકો મુશ્કેલી વેઠી રહ્યા છે અને ગેસ એજન્સી ઉપર સિલિન્ડર માટે લાંબી લાંબી ખતરો જોવા મળી રહી છે અને અફરાતફરી જેવો માહોલ સર્જાયેલો છે અને લોકોની ભાડે ભીડ જોવા મળી રહે છે. આવી જ રીતે ઉમરગામમાં ટેમ્પો ભરીને સસ્તી સાઇકલ વેચવા છેલ્લા એકાદ અઠવાડિયાથી કેટલાક આવી રહ્યા હોય લોકો સાયકલ લેવા પડાપડી કરી રહ્યા છે. કહેવાય છે કે સાયકલ માત્ર 2900 થી 3000 માં સસ્તામાં વેચાઈ રહી છે.

મંગળવારે પણ બપોરના સમયે ઉમરગામ ગાંધીવાડી વિસ્તારમાં એક ટેમ્પોમાં મોટા પ્રમાણમાં સાયકલ ભરીને વેચાણ કરવા કેટલાક લોકો આવતા સસ્તી સાઇકલ લેવા લોકોની પડાપડી થઈ હતી અને ભારે ભીડ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા ઉમરગામ પોલીસને જાણ થતા જ પોલીસ પણ દોડી આવી હતી.



# PET-CT સ્કેન સેન્ટર હવે વાપીમાં ઉપલબ્ધ

**માત્ર** રૂપિયા 8,000માં આધુનિક કેન્સર નિદાન સુવિધા મળશે

વાપી : 21સ્ટ સેન્ચ્યુરી કેન્સર કેર, વાપીમાં વલસાડ જિલ્લાના પ્રથમ PET-CT સ્કેન સેન્ટરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. નાડકર્ણી મેડિકલ ફાઉન્ડેશનના માર્ગદર્શન હેઠળ અદ્યતન સુવિધાનો મુખ્ય હેતુ દર્દીઓને સસ્તું અને ઉચ્ચ સ્તરનું કેન્સર નિદાન ઉપલબ્ધ કરાવવાનો છે.

વાપીમાં માત્ર રૂપિયા 8,000ના સબસિડાઇઝ્ડ દરે આ સેવા ઉપલબ્ધ બની છે. PET-CT સ્કેન કેન્સરના વહેલા નિદાન, સ્ટેજિંગ અને સારવારના મૂલ્યાંકનમાં મહત્વપૂર્ણ છે. 21સ્ટ સેન્ચ્યુરી કેન્સર કેરના ડિરેક્ટર અને કેન્સર સર્જન ડૉ. અક્ષય કે. નાડકર્ણીએ જણાવ્યું કે મેટ્રો જેવી સારવાર જિલ્લાસ્તરે લાવવાનો હેતુ સાકાર થયો છે. સલવાવના કપિલ સ્વામી, સરના કેમિકલના એસ. એસ. સરના, પારડી શ્રી વલ્લભઆશ્રમ સ્કૂલના ટ્રસ્ટી દિનેશ સાકરીયા, આર્યન પેપર મિલના સુનિલ શાહ, બાબુભાઈ ગોગદાની, બ્રહ્માકુમારી વાપીના રશ્મિ દીદી, એડવોકેટ રશ્મિકા મેહતા, સતિષ ઝવેરી, ભરત દેસાઈ, જીગીષા ગાંધી, કૃષ્ણા કેન્સર એડ સેલવાસના મીનાબેન તંવર, વિશાલ હંસરાજ હાજર રહ્યા હતાં. સાથે જ સ્વ. પૂર્ણિમાબેન નાડકર્ણીની સ્મૃતિમાં "પૂર્ણિમા પ્રોજેક્ટ"નો પ્રારંભ થયો. આ સેન્ટરથી વાપી, વલસાડ, નવસારી, સિલવાસા અને દમણના દર્દીઓને લાભ મળશે. સરના કેમિકલના એસ. એસ. સરનાના આહવાનથી ઉદ્યોગપતિઓએ કેન્સરના દર્દીઓ માટે દાનની સરવાણી વહેવડાવી હતી.

# સાપુતારાનાં ટેબલ પોઈન્ટ પર જોખમી સ્ટંટ કરનારા સામે કાર્યવાહી

**પોલીસે** જાહેર સ્થળે લોકોના જીવ જોખમમાં મૂકીને સ્ટંટ કરનાર ગાડી ચાલકને ઝડપી પાડ્યો

સાપુતારા : ગુજરાતનાં પ્રખ્યાત હિલ સ્ટેશન સાપુતારા ખાતે પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સાપુતારા પોલીસ દ્વારા એક પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. સાપુતારાના જાણીતા પ્રવાસન સ્થળ એવા ટેબલ પોઈન્ટ (ગવર્નર હિલ) પર કેટલાક યુવકો દ્વારા ખુલ્લી જીપમાં જોખમી રીતે સ્ટંટ કરવામાં આવી રહ્યા હતા. આ ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ અથવા પોલીસના ધ્યાને આવતા સાપુતારા પોલીસ મથકના પી.આઈ. પી.ડી. ગોંડલીયા અને તેમની ટીમ તુરંત એક્શનમાં આવી હતી.

પોલીસે જાહેર સ્થળે લોકોના જીવ જોખમમાં મૂકીને સ્ટંટ કરનાર ગાડી ચાલકને ઝડપી પાડ્યો છે અને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પકડાયેલા શખ્સ અને તેની જીપ સાથેનો ફોટો પણ પોલીસ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે, જે અન્ય લોકો માટે એક ચેતવણી સમાન છે.

ટેબલ પોઈન્ટ જેવી જગ્યાઓ પર મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટતા હોય છે, ત્યારે આવા સ્ટંટ કોઈ મોટી દુર્ઘટનાને નોતરી શકે છે. આ ઘટનાના સંદર્ભમાં સાપુતારા પોલીસે નાગરિકો અને પ્રવાસીઓને નમ્ર અપીલ કરી છે.

## પારડીના ખૂલ્લા કુવામાં વાછરડું ખાબક્યું

પારડી : પારડી ચાર રસ્તા બાલાખાડી પાસે મંગળવારે કુવામાં ગાયનુ વાછરડું પડી ગયું હતું. ડૉ. ઉર્વશીબહેને ફોન કરતા તાત્કાલિક પારડી નગર પાલિકાની આરોગ્ય વિભાગ ટીમ સ્થળ પર આવી ગઈ હતી અને ગાયના બચ્ચાને સહીસલામત બહાર કાઢ્યું હતું. સેનેટરી ઈન્સ્પેક્ટર મેહુલ પરમાર, સુપરવાઈઝર પંકજકુમાર ગરણીયા તેમની સફાઈ કર્મચારીઓની ટીમ સાથે તેમજ આજુબાજુના રહીશોની મદદથી બચ્ચાને બહાર કાઢવામાં આવ્યું હતું.

# વાપી RPFએ મોબાઈલ ચોરને ઝડપી પાડયો



વાપી : વાપી RPFની ટીમે મોબાઈલ ચોરને ઝડપી પાડ્યો હતો. વાપી RPFના નિરીક્ષકના માર્ગદર્શન હેઠળ ASI અશોક કુમાર, HC વિનોદ કુમાર ભારદ્વાજ, મહિલા HC નિશી ગંધા અને કોન્સ્ટેબલ ધર્મેન્દ્ર યાદવ તથા મનોજ કુમાર સ્ટેશન પરિસરમાં કેમેરા દ્વારા નજર રાખી રહ્યા હતા. આ દરમિયાન પ્લેટફોર્મ પર એક શખ્સ આકાશ યાદવ (રહે. સેલવાસ) મુસાફરનો મોબાઈલ ચોરીને ભાગતો દેખાતાહેડ કોન્સ્ટેબલ વિનોદ કુમાર અને ટીમે પીછો કરી તેને પ્લેટફોર્મ નંબર 01 પર દબોચી લીધો હતો. તેની પાસેથી બે મોબાઈલ મળી આવ્યા હતા, આરપીએફ દ્વારા આરોપી આકાશ યાદવને રિકવર કરેલા મોબાઈલ સાથે કાર્યવાહી માટે GRP વાપીને સોંપવામાં આવ્યો છે.

# MLA સહિત 25 સામે 2000 પાનાની ચાર્જશીટ

**ખેરગામના** હિંસા કેસની 9 એપ્રિલે નિર્ણાયક સુનાવણી, કોર્ટે 'ફરાર' જાહેર કરવાની માંગ ફગાવી

નવસારી : નવસારી જિલ્લાના ખેરગામમાં વર્ષ 2022માં થયેલી હિંસક ઘટનાઓ ફરી એકવાર કાનૂની વિવાદના કેન્દ્રમાં આવી છે. તોડફોડ, આગચંપી અને પોલીસ પર હુમલા જેવા ગંભીર આરોપોમાં વાંસદાના ધારાસભ્ય અનંત પટેલ સહિત 25થી વધુ શખ્સો સામે પોલીસે 2000 પાનાની વિશાળ ચાર્જશીટ દાખલ કરી છે, જે આ કેસની ગંભીરતા દર્શાવે છે.

નવસારી સેશન્સ કોર્ટમાં ચાલી રહેલી આ સુનાવણીમાં એક નવો વળાંક આવ્યો છે. સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર નયન સુખડવાલાએ દલીલ કરી હતી કે આરોપીઓ સુનાવણી દરમિયાન ગેરહાજર રહી કોર્ટની પ્રક્રિયા પ્રત્યે ગેરજવાબદાર વલણ અપનાવી રહ્યા છે, તેથી તેમને 'ફરાર' જાહેર કરવા જોઈએ. જોકે, બચાવ પક્ષના વકીલ પરેશ વાટવેચાએ આ દલીલનો વિરોધ કરતા જણાવ્યું કે ગેરહાજરી પાછળ વ્યાજબી કારણો છે અને આરોપીઓ સામે કોઈ સીધો પુરાવો નથી. બંને પક્ષોની તીવ્ર દલીલો બાદ કોર્ટે આરોપીઓને ફરાર જાહેર કરવાની માંગને હાલ તબક્કે ફગાવી દીધી છે.

8 ઓક્ટોબર 2022ના રોજ ખેરગામના દશેરા ટેકરી વિસ્તારમાં ધારાસભ્ય અનંત પટેલ પર થયેલા કથિત હુમલા બાદ વિરોધ પ્રદર્શન શરૂ થયા હતા. પોલીસ ફરિયાદ ન લેવાતી હોવાના આક્ષેપ સાથે ધરણા યોજાયા હતા, જે બાદમાં હિંસક બન્યા હતા. 40થી 50 લોકોના ટોળાએ 'શ્રી કીકા સ્ટીલ' નામની દુકાનમાં તોડફોડ કરી અંદાજે 1.50 લાખની લૂંટ ચલાવી હતી અને આગચંપી કરતા 8થી 10 લાખનું નુકસાન થયું હતું. આ દરમિયાન ફાયર બ્રિગેડ અને પોલીસ વાહનો પર પથ્થરમારો કરી સરકારી કામગીરીમાં અવરોધ ઉભો કરાયો હતો.

### કાનૂની જંગ હવે નિર્ણાયક તબક્કે

નવસારી : આ સમગ્ર પ્રકરણમાં તોડફોડ, લૂંટ, આગચંપી, જાહેરનામા ભંગ અને સરકારી કર્મચારીઓ પર હુમલા જેવી ગંભીર કલમો હેઠળ કેસ નોંધાયા છે. કેસ નવસારી સેશન્સ કોર્ટમાં પહોંચતા હવે કાનૂની લડત વધુ તીવ્ર બની છે. 9 એપ્રિલની આવનારી સુનાવણી આ કેસમાં મહત્વપૂર્ણ દિશા નક્કી કરી શકે છે - આરોપીઓને રાહત મળશે કે કાયદાનો કડક પાંજરો કસાશે, તે જોવાનું રહેશે.